# ચણાની ખેતી પધ્ધતિ



**સુધારેલી જાતો** : દાહોદ પીળા, જીજી-૧,જીજી-૨, જીજી-૩

**જમીન** : સારાનિતારવાળી,ફળદ્રુપ, સમતળ,ગોરાળુ,મધ્યમ કાળી જમીન વધુ અનુકુળ આવે છે. ઢાળ વાળી જમીન હોય તો ઢાળની વિરુદ્ધ દિશામાં ચાસ કાઢીને વાવેતર કરવુ જોઇએ

**જમીનની તૈયારી :** ટ્રેકટરથી અથવા હળથી એક વેંત જેટલી (૬-૮ ઇંચ) ઉંડાઇવાળી ઉભી અને આડી ખેડ કરવી,જેથી જમીનમાં રહેલા રોગના જીવાણુઓ તથા જીવાતના ઈંડા નાશ થાય અને જમીનમાં ભેજ સંગ્રહ થાય.ખેતરનાં શેઢા પાળા બાળીને સાફ કરવા આ ઉપરાંત અગાઉ કરેલ પાકના જડીયા,કચરો વીણીને ખેતર સાફ કરવું જેથી ઉધઇથી બચી શકાય. એક એકરમાં ૧૦ ગાડા છાણીયું ખાતર નાખીને ઉભી- આડી ખેડ કરવી અને સમાર મારીને જમીન તૈયાર કરવી.



**વાવણીનો સમય** : ચણાની વાવણી દિવાળી પછી તરત જ કરવી(ઓકટોબર ૨૫ થી ૧૫ મી નવેમ્બર સુધી), વાતાવરણ ને ધ્યાનમાં રાખી સમયસર વાવણી કરવાથી ઉત્પાદન સારુ આવે છે.

**બીયારણ કેટલુ જોઇશે ?**: એક એકરમાં ચણાનુ વાવેતર કરવા માટે સવા મણ(૨૫કિલો) બીયારણવાપરવુ

**બીયારણની માવજત :** મૂળના કોહવારાના રોગ માટે બિયારણને વાવતા પહેલા પ્રતિ કીલોગ્રામ બીજમાં ૨ થી ૩ ગ્રામ કાર્બેન્ડિઝમ ફુગનાશક દવાનો પટ આપવો.ત્યારબાદ રાઇઝોબિયમ કલ્ચર આઇ સી.૭૬ નો ૪૦૦ ગ્રામ પ્રતિ ૮ કીલો બિયારણને માવજત આપી વાવેતર કરવુ જેથી છોડનો વિકાસ સારો થશે.

**વાવેતરની પધ્ધતિઓ** : ચણાને ક્યારા બનાવીને ઓરાણ પધ્ધતિથી વાવેતર કરવું .ચણાની ખેતી પિયત અને બીનપિયત પધ્ધતિથી કરી શકાય છે.

**વાવણી અંતર** : ચણાને બે હાર વચ્ચે એક ફુટ અને બે છોડ વચ્ચે ૧૫ સે.મી ત્રણ આંગળી જેટલુ અંતર રાખીને વાવણી કરવી.(૩૦×૧૫ સેમી.)

**ખાતર** :

જમીન ચકાસણી કરાવ્યાબાદ યુનિવર્સીટીની ભલામણ મુજબ વાવણી સમયે એમોનીયમ સલ્ફેટ અને સલ્ફર પાયામાં નાખવું.

**આંતરખેડ અને નિંદામણ** :

પંજેઠીથી કે નાની કરબડીથી ત્રણ થી ચાર વાર આંતરખેડ કરીને કચરુ વીણી લેવુ અથવા હાથથી નિંદામણ દુર કરવુ. નિંદામણ વધારે હોય ત્યારે નિંદામણ નાશક તરીકે એક એકરે ૨૫૦-૩૦૦ ગ્રામ પેન્ડીમીથીલીન (સ્ટોમ્પ)૦.૭૫ સક્રીય તત્વ ૫૦૦ લીટર પાણીમાં પ્રિઈમરજન્સ છાંટવું.અથવા ઓકસીફલોરીફેન ૦.૦૮ સક્રીય તત્વ ૨૫૦-૩૦૦ ગ્રામ ૫૦૦ લીટર પાણીમાં બિયારણ ઉગતા પહેલા છાંટવું.



**પિયત વ્યવસ્થા** : ચણાના પાકમાં પાકની અવસ્થામુજબ પાંચ પિયતની જરૂર પડે છે. પહેલુ પિયત વાવેતર પછી તરત જ,બીજુ પિયત ઉગ્યા પછી અઠવાડીયામોં, ત્રીજુ પિયત એક માસે ડાળીઓ ફુટે ત્યારે,ચોથુ પિયત દોઢ માસે ફુલ બેસે ત્યારે, પાંચમું પિયત બે માસે પોપટા બેસે ત્યારે,જો પિયત આપવામાં ખેંચ પડે તો ઉત્પાદન ઓછુ આવે છે.

**પાકનો બચાવ કઇ રીતે કરવો :**

**અ) રોગ અને તેનો અટકાવ** : ચણાના પાકમાં સુકારાનો રોગ આવી શકે છે. રોગના અટકાવ માટે સુકારો ન થાય તેવી જાતની પસંદગી કરવી,પાકની ફેરબદલી કરવી,બિયારણના દાણા ચોખ્ખા અને ભરાવદાર વાપરવા,સમયસર વાવણી કરવી, ખેતરમાં છુટા છવાયા છોડ સુકાઇ જાય તો તેને ઉખેડીને નાશ કરવો.સુકારાના રોગના અટકાવ માટે થાયરમ કે કેપ્ટાન જેવી ફૂગનાશક દવાની ૩ ગ્રામ પ્રતિ કીલો મુજબ બીજને માવજત આપવી.

**(બ)જીવાત અને તેનો અટકાવ :** લીલી ઇયળના ઉપદ્રવ અટકાવવા માટે ૧૦ લિટર પાણીમા ૧૦મીલી મોનોક્રોટોફોસ અથવા મિથાઇલ પેરોથીઓન ૨૦ મીલીનુ દ્રાવણ બનાવીને ફુલ અવસ્થાએ અને પછી ૭ દિવસના ગાળે છંટકાવ કરવો.

**કાપણી :** ચણા જ્યારે પીળા થઇ સુકાય જાય ત્યારે વહેલી સવારે કે મોડેથી સાંજના સમયે કાપણી કરવી જોઇએ જેથી દાણા ખરશે નહી.

**ઉત્પાદન** : એક એકરમાં સરેરાશ ચણાનુ ઉત્પાદન ૨૦-૨૫ મણ થાય છે.

**વિવેકાનંદ સેન્ટર ફોર એગ્રીકલ્ચરલ સર્વિસીસ.**
**શ્રોફ ફાઉન્ડેશન ટ્રસ્ટ વડોદરા.**